# અફઘાનિસ્તાન મુશ્કેલીમાં, માનવ સુથારની ઘાતક બોલિંગ

**ભારતના** 8 વિકેટે 564 રનની સામે અફઘાનિસ્તાને બીજા દિવસના અંત સુધી 5 વિકેટ ગુમાવી 113 રન બનાવ્યા

**ડેબ્યુટન્ટ** ડાબોડી સ્પિનર માનવે 3 વિકેટ ઝડપી



મુલ્લાંપુર, તા. 7 (પીટીઆઈ): મુલ્લાંપુરમાં રમાઈ રહેલી અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચના બીજા દિવસે ભારતીય ટીમે પોતાની પકડ મજબૂત કરી લીધી છે. પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમી રહેલા 23 વર્ષીય ડાબોડી સ્પિનર માનવ સુથારે શાનદાર બોલિંગ પ્રદર્શન કરીને 15.5 ઓવરમાં માત્ર 21 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. બીજા દિવસના રમતની સમાપ્તિ સુધીમાં અફઘાનિસ્તાનની ટીમે પ્રથમ ઈનિંગ્સમાં 5 વિકેટે 113 રન બનાવી લીધા છે અને તે હજુ પણ ભારતના સ્કોરથી 451 રન પાછળ છે.

ભારત તરફથી અન્ય સફળ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા રહ્યો હતો, જેણે 27 રન આપીને 2 વિકેટ લીધી હતી.

આ પહેલા ભારતીય ટીમે પોતાની પ્રથમ ઈનિંગ્સ 8 વિકેટે 564 રન બનાવીને ડિકલેર કરી હતી. ભારતીય કેપ્ટન શુભમન ગિલ 177 બોલમાં 126 રન બનાવીને મોહમ્મદ સલીમનો શિકાર બન્યો હતો. ઋષભ પંતે વિવેકપૂર્ણ અને આક્રમક બેટિંગનું પ્રદર્શન કરતા 121 બોલમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 81 રન બનાવ્યા હતા. નીચલા ક્રમમાં વોશિંગ્ટન સુંદરે શાનદાર અડધી સદી ફટકારી હતી અને ડેબ્યુટન્ટ માનવ સુથાર (28 રન) સાથે સાતમી વિકેટ માટે મહત્વપૂર્ણ 54 રન જોડ્યા હતા. સુંદરે પોતાની અડધી સદી પૂરી કરતાની સાથે જ ભારતે દાવ ડિકલેર કર્યો હતો. અફઘાનિસ્તાન તરફથી ફાસ્ટ બોલર મોહમ્મદ સલીમે સૌથી વધુ 6 વિકેટ ઝડપી હતી.

ત્યારબાદ બેટિંગ કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની ટીમના બેટર્સ માનવ સુથારની ક્લાસિકલ સ્પિન બોલિંગ સામે લાચાર દેખાયા હતા. સુથારે ઓપનર અબ્દુલ મલિક, રહેમાનુલ્લાહ ગુરબાઝ અને અફસર ઝઝાઈને આઉટ કરીને અફઘાનિસ્તાનની કમર તોડી નાખી હતી. કેપ્ટન શુભમન ગિલે યુવા સ્પિનર સુથાર પર પૂરો ભરોસો મૂકીને તેની પાસે સતત 13 ઓવર બોલિંગ કરાવી હતી. સુથારના આ પ્રદર્શને ભવિષ્યમાં રવિન્દ્ર જાડેજાના યોગ્ય વિકલ્પ તરીકેની આશા જગાવી છે.

| ભારત પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જાયસ્વાલ કો અફસર બો સલીમ | 24 | 32 | 5 | 0 |
| રાહુલ કો ગુરબાઝ બો રહેમાન | 100 | 165 | 11 | 0 |
| સુદર્શન કો અફસર બો સલીમ | 81 | 104 | 13 | 0 |
| ગિલ કો અફસર બો સલીમ | 126 | 177 | 15 | 1 |
| પંત કો અઝમતુલ્લાહ બો હસમતુલ્લાહ | 81 | 121 | 6 | 3 |
| જુરેલ બો સલીમ | 19 | 20 | 4 | 0 |
| સુંદર નોટ આઉટ | 52 | 68 | 5 | 1 |
| માનવ કો અફસર બો સલીમ | 28 | 41 | 2 | 2 |
| સિરાજ બો સલીમ | 22 | 12 | 4 | 1 |
| કુલદીપ નોટ આઉટ | 9 | 26 | 1 | 0 |
| વધારાના | 22 | | | |
| કુલ 127 ઓવરમાં 8 વિકેટે | 564 રન | | | |

**વિકેટ પતન:** 1-41, 2-180, 3-247, 4-416, 5-452, 6-456, 7-510, 8-540

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ઝિયાઉર રહમાન | 24 | 2 | 91 | 1 |
| અઝમતુલ્લાહ ઓમરઝઈ | 22 | 5 | 67 | 0 |
| મોહમ્મદ સલીમ | 27 | 3 | 140 | 6 |
| નાંજેયાલિયા ખારોટે | 23 | 0 | 115 | 0 |
| અબ્દુલ મલિક | 7 | 0 | 43 | 0 |
| હસમતુલ્લાહ શાહીદી | 24 | 1 | 91 | 1 |

| અફઘાનિસ્તાન પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અબ્દુલકો સિરાજ બો સુથાર | 16 | 18 | 3 | 0 |
| સેદીકુલ્લાહ બો પ્રસિદ્ધ | 17 | 27 | 3 | 0 |
| ગુરબાઝ કો સુદર્શન બો સુથાર | 12 | 40 | 1 | 1 |
| રહમત નોટ આઉટ | 43 | 81 | 6 | 1 |
| હસમુતલલાહ એલબી બો પ્રસિદ્ધ | 20 | 48 | 4 | 0 |
| અફસર કો એ બો સુથાર | 3 | 26 | 0 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ 39.5 ઓવરમાં 5 વિકેટે | 113 રન | | | |

**વિકેટ પતન:** 1-28, 2-40, 3-62, 4-98, 5-113

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્દ સિરાજ | 6 | 1 | 24 | 0 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 7 | 0 | 27 | 2 |
| માનવ સુથાર | 15.5 | 7 | 21 | 3 |
| કુલદીપ યાદવ | 7 | 0 | 29 | 0 |
| વોશિંગ્ટન સુંદર | 4 | 0 | 12 | 0 |

# ન્યુઝીલેન્ડ સામે ઈંગ્લેન્ડનો પ્રથમ ટેસ્ટમાં 115 રને વિજય

**254** રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડની ટીમ 138 રનમાં ઓલઆઉટ થઈ

**ઈંગ્લેન્ડના** ગસ એટકિન્સને 5 વિકેટ લીધી

**લોર્ડ્સના** ઇતિહાસમાં રમાયેલી 150 ટેસ્ટ મેચોમાં આ બીજી સૌથી ટૂંકી ટેસ્ટ મેચ



લંડન, તા. 7 (એપી): લંડનના લોર્ડ્સ મેદાન પર રમાયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે રવિવારે ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને 115 રનથી હરાવીને શાનદાર જીત મેળવી છે. ઓસ્ટ્રેલિયા સામે એશિઝ સિરીઝમાં મળેલી કારમી હાર બાદ ઈંગ્લેન્ડની આ 'બેઝબોલ' શૈલીની નવી શરૂઆત છે.

254 રનના મુશ્કેલ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડની ટીમ ચોથા દિવસે 55 રને 5 વિકેટના સ્કોરથી આગળ રમતા ચોથા દિવસના પ્રથમ બે કલાકમાં જ માત્ર 138 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડ તરફથી ગ્લેન ફિલિપ્સે સૌથી વધુ અણનમ 44 રન બનાવ્યા હતા.

બોલરોને મદદરૂપ આ પિચ પર ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર ગસ એટકિન્સને શાનદાર પ્રદર્શન કરતા 30 રન આપીને 5 વિકેટ ઝડપી હતી. ટેસ્ટ મેચમાં આ તેની પાંચમી 5 વિકેટ છે, જેમાંથી 4 વખત તેણે લોર્ડ્સના મેદાન પર જ આ સિદ્ધિ મેળવી છે. મેચમાં કુલ 24 બેટર્સ બોલ્ડ અથવા એલબીડબલ્યુ આઉટ થયા હતા. ઈંગ્લેન્ડ તરફથી ઓલી રોબિન્સને મેચમાં કુલ 7 વિકેટ ઝડપીને 'મેન ઓફ ધ મેચ'નો ખિતાબ મેળવ્યો હતો. જ્યારે ડેબ્યુટન્ટ એમિલિયો ગેયે બીજી ઈનિંગ્સમાં 57 રન બનાવ્યા હતા, જે આખી મેચનો કોઈ પણ બેટરનો સર્વોચ્ચ સ્કોર હતો.

# પાકિસ્તાન બોર્ડની કોચ સરફરાઝ અને કેપ્ટન મસૂદને હટાવવા પર વિચારણા

કરાચી, તા. 7 (પીટીઆઈ): બાંગ્લાદેશ સામે તાજેતરમાં મળેલી 0-2ની કારમી હાર બાદ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ટેસ્ટ ટીમના હેડ કોચ સરફરાઝ અહેમદ અને કેપ્ટન શાન મસૂદને પદ પરથી હટાવવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહ્યું છે. પીસીબીના સૂત્રોના જણાવ્યા અનુસાર, બોર્ડ રાષ્ટ્રીય ટીમમાં મહત્વની જવાબદારીઓ સોંપવા માટે પૂર્વ ખેલાડીઓ યુનિસ ખાન અને મોહમ્મદ હાફિઝ સાથે ચર્ચા કરી રહ્યું છે. પીસીબીના અધ્યક્ષ મોહસિન નકવીના સલાહકારોએ બાંગ્લાદેશ સામેની હાર બાદ ટેસ્ટ ટીમના સેટ-અપમાં મોટા ફેરફારો કરવાની ભલામણ કરી છે. એક પ્રસ્તાવ મુજબ, સરફરાઝ અહેમદને હેડ કોચ પદેથી હટાવીને ફરીથી નેશનલ અંડર-19 અને 'A' ટીમોના મેનેજમેન્ટની જવાબદારી સોંપવામાં આવી શકે છે. જો કે, આ નિર્ણય ત્યારે જ લેવાશે જ્યારે બોર્ડ અને પૂર્વ કેપ્ટન યુનિસ ખાન વચ્ચે કોઈ કરાર થશે, કારણ કે યુનિસે ભૂતકાળમાં હોદ્દો સ્વીકારવા માટે કેટલીક કડક શરતો રાખી હતી.

# રોમાંચક ફાઈનલમાં કોબોલીને હરાવી ઝ્વેરેવ ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન

**4કલાકથી** વધુ સમય સુધી ચાલેલી ફાઇનલમાં ઝ્વેરેવે કોબોલીને 6-1, 4-6, 6-4, 6-7, 6-1થી હરાવી પહેલું ગ્રાન્ડસ્લેમ જીત્યો

**1996માં** બોરિસ બેકરે ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યું ત્યારબાદ ઝ્વેરેવ ગ્રાન્ડ સ્લેમ જીતનારો પ્રથમ જર્મન ખેલાડી



પેરિસ, તા. 7: પેરિસમાં રમાયેલી ફ્રેન્ચ ઓપનની રોમાંચક ફાઇનલમાં જર્મનીના ટેનિસ ખેલાડી એલેક્ઝાન્ડર ઝ્વેરેવે ઈતિહાસ રચી દીધો છે. ચાર કલાકથી વધુ સમય સુધી ચાલેલી આ પાંચ સેટની મહામેગા ફાઇનલમાં ઝ્વેરેવે ઈટાલીના ફ્લેવિયો કોબોલીને 6-1, 4-6, 6-4, 6-7 (5), 6-1થી હરાવીને પોતાના કરિયરનું સૌપ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતી લીધું છે.

આ જીત સાથે જ ઝ્વેરેવના માથેથી અત્યાર સુધી એક પણ મેજર ટાઇટલ ન જીતનારા સર્વશ્રેષ્ઠ ખેલાડીનો ટેગ પણ કાયમ માટે હટી ગયો છે.

આ જીત સાથે ઝ્વેરેવ હવે એવા દિગ્ગજ ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે જેમણે પોતાની ચોથી ફાઇનલમાં પ્રથમ મેજર ટાઇટલ જીત્યું હોય. આ પહેલા આન્દ્રે અગાસી, ગોરાન ઈવાનીસેવિક અને ડોમિનિક થીમે પણ પોતાની ચોથી ફાઇનલમાં પહોંચીને પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતવાની સિદ્ધિ મેળવી હતી. વર્ષોની મહેનત, અગાઉ મળેલી હાર અને નિરાશા બાદ આખરે જર્મન ખેલાડી ઝ્વેરેવ ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બનવામાં સફળ રહ્યો છે.

# વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપમાં 40 ગોલ્ડ સાથે ભારત ટોચ પર

**ગુજરાતની** હીના રાજગોરનું શાનદાર પ્રદર્શન




અમદાવાદ, તા. 7 (પીટીઆઈ): અમદાવાદમાં રમાઈ રહેલી પ્રથમ વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપના અંતિમ અગાઉના દિવસે રવિવારે ગુજરાતની હીના રાજગોરે શાનદાર પ્રદર્શન કરીને ભારતના ગોલ્ડ મેડલની સરસાઈ મજબૂત કરી છે. ભારતીય ટીમ હાલમાં 40 ગોલ્ડ, 8 સિલ્વર અને 2 બ્રોન્ઝ સહિત કુલ 50 મેડલ સાથે મેડલ તાલિકામાં ટોચના સ્થાને છે. જાપાન 3 ગોલ્ડ સહિત કુલ 10 મેડલ સાથે બીજા ક્રમે અને સિંગાપોર 2 ગોલ્ડ સહિત કુલ 6 મેડલ સાથે ત્રીજા સ્થાને છે.

ગુજરાતના ભુજની વતની હીના રાજગોરે સિનિયર બી મહિલા કેટેગરીની ફોરવર્ડ બેન્ડ સ્પર્ધામાં 43.50 પોઈન્ટ મેળવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સ્પર્ધામાં ઓમાનની પ્રીતિ જયમાનીએ સિલ્વર મેળવ્યો હતો, જ્યારે રશિયાની સ્વેતલાના લુકાશોવા અને જોર્ડનની માયા અલ અલોસ્તાથે બ્રોન્ઝ મેડલ શેર કર્યો હતો. કોવિડ પછી યોગાસનને સ્પર્ધાત્મક રીતે અપનાવનારી હીનાએ હોમ ગ્રાઉન્ડ પર જીત મેળવવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. ટૂર્નામેન્ટના અન્ય મુકાબલામાં જાપાન તરફથી હિસાશી વાતાનાબે અને તોમોકા શિમિઝુએ ગોલ્ડ મેડલ જીત્યા હતા, જ્યારે રશિયાની સ્વેતલાના લુકાશોવા અને ઉઝબેકિસ્તાનના કમોલાતદિન રખ્માનોવે પણ પોતપોતાની કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

# વર્લ્ડકપ પહેલા જર્મની સામે હાર છતાં અમેરિકાની ટીમ આત્મવિશ્વાસથી ભરપૂર

**છેલ્લી** વોર્મઅપ મેચમાં જર્મનીએ અમેરિકાને 2-1થી હરાવ્યું



શિકાગો, તા. 7 (એપી): શિકાગોના સોલ્જર ફિલ્ડ ખાતે શનિવારે રમાયેલી ફિફા વર્લ્ડકપની છેલ્લી તૈયારી સમાન મેચમાં અમેરિકાનો જર્મની સામે 2-1થી પરાજય થયો હતો.

વર્ષ 2022થી યુરોપિયન ટીમ સામે અમેરિકાની આ સતત 9મી હાર છે, તેમ છતાં એક શક્તિશાળી હરીફ સામેની મેચમાં તેમના શાનદાર પ્રદર્શનથી અમેરિકન ટીમનો આત્મવિશ્વાસ વધ્યો છે. મેચની 37મી મિનિટે ડિફેન્ડર એન્ટોની રોબિન્સને ડાબા પગેથી વોલી દ્વારા શાનદાર ગોલ કર્યા બાદ ગુલાંટ મારીને ઉજવણી કરી હતી જેને જોઈ સ્ટેડિયમમાં હાજર હજારો દર્શકોને રોમાંચિત થયા હતા, આ અમેરિકા માટે આ મેચની સૌથી મોટી હાઈલાઈટ હતી. જર્મનીની ટીમે મેચની શરૂઆતમાં જ આક્રમક શરૂઆત કરી હતી અને બીજી જ મિનિટે કાઈ હેવર્ટ્ઝના હેડર દ્વારા 1-0ની લીડ મેળવી લીધી હતી. ત્યારબાદ 57મી મિનિટે લેરોય સાનેએ હેવર્ટ્ઝના પાસ પર જર્મની માટે બીજો ગોલ કર્યો હતો.

અમેરિકાના કોચ મોરિશિયો પોચેટિનોના માર્ગદર્શન હેઠળ ઓક્ટોબર 2024થી ટીમે 14 વિજય, 10 હાર અને 2 ડ્રો રમી છે. અમેરિકાના સ્ટાર ખેલાડી ક્રિશ્ચિયન પુલિસિક અને ટીમના અન્ય સભ્યોએ હાર છતાં પોતાના પ્રદર્શન પર સંતોષ વ્યક્ત કર્યો હતો. હવે અમેરિકા આગામી શુક્રવારે પેરાગ્વે સામે રમીને વર્લ્ડકપમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે.

# વૈભવ સૂર્યવંશીના માતા-પિતા આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસમાં તેની સાથે જશે

**વૈભવ** હજુ સગીર હોવાથી BCCIએ તેના માતા-પિતાને સાથે જવા વિનંતી કરી હતી

મુંબઈ, તા. 7 (પીટીઆઈ): બીસીસીઆઈ (BCCI)ના એક અધિકારીએ જણાવ્યું છે કે, 15 વર્ષના યુવા બેટર વૈભવ સૂર્યવંશીના માતા-પિતા આગામી આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેની સાથે રહેશે. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેમના રહેવા-જમવાનો તમામ ખર્ચ બીસીસીઆઈ પોતે ભોગવશે.

બોર્ડનું માનવું છે કે આટલી નાની ઉંમરે આટલા મોટા સ્તર પર રમતી વખતે આ યુવા ખેલાડીની આસપાસ તેના પરિવારનું હોવું ખૂબ જ જરૂરી છે. વૈભવ હાલમાં ભારત 'એ' ટીમ સાથે શ્રીલંકાના પ્રવાસે છે, જ્યાં અફઘાનિસ્તાન સહિત ત્રિપાંખીયો વનડે જંગ રમાશે. BCCIના સેક્રેટરી દેવાજીત સાઈકિયાએ જણાવ્યું કે, બોર્ડ સામાન્ય રીતે માતા-પિતાને પ્રવાસ પર સાથે જવાની મંજૂરી આપતું નથી, પરંતુ વૈભવ હજુ સગીર હોવાથી અને તેને સિનિયર ખેલાડીઓ સાથે અનુકૂળ થવામાં સમય લાગે તે હેતુથી આ વિશેષ પરવાનગી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સચિન તેંડુલકરે જ્યારે 1989માં 16 વર્ષની ઉંમરે ભારતીય ટીમ તરફતી ડેબ્યુ કર્યું હતું ત્યારે તેના મોટા ભાઈ તેની સાથે ગયા હતા.

## સુડોકુ ૪૬૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | ૭ | | ૮ | |
| | ૪ | | | ૧ | | ૨ | ૭ | ૫ |
| | ૭ | | | ૫ | | ૪ | | |
| | ૯ | | ૬ | | ૪ | ૫ | | |
| ૧ | | ૪ | | | ૨ | ૬ | ૯ | |
| ૮ | | ૨ | | ૯ | ૫ | | ૪ | |
| ૬ | ૩ | ૧ | ૮ | | ૯ | | | ૨ |
| ૫ | ૨ | | | ૬ | | ૮ | | |
| | | | ૫ | | ૩ | ૧ | ૬ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

# ફોર્મ્યુલા વન: એન્ટોનેલીએ મોનાકો ગ્રાન્ડ પ્રિક્સ જીતી



મોનાકો, તા. 7 (એપી): ઈટાલીના 19 વર્ષીય ફોર્મ્યુલા 1 ડ્રાઈવર કિમી એન્ટોનેલીએ રવિવારે ભારે વિલંબ બાદ રમાયેલી મોનાકો ગ્રાન્ડ પ્રિક્સ રેસ જીતીને ઈતિહાસ રચી દીધો છે. આ જીત સાથે તે મોનાકોમાં રેસ જીતનારો સૌથી યુવા F1 વિજેતા બન્યો છે. મર્સિડીઝ ટીમના એન્ટોનેલીએ આ સીઝનમાં સતત પાંચમી જીત મેળવીને લુઈસ હેમિલ્ટન પર 66 પોઈન્ટની વિશાળ સરસાઈ મેળવી લીધી છે. રેસ દરમિયાન ટ્રેકને નુકસાન થવાને કારણે રેડ-ફ્લેગ બતાવીને રેસ રોકવી પડી હતી, પરંતુ ફરીથી શરૂ થયેલી રેસમાં પણ એન્ટોનેલીએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું.

આ રેસમાં લુઈસ હેમિલ્ટન બીજા સ્થાને રહ્યો હતો, જ્યારે રેડ બુલનો ઈસાક હાડજાર ત્રીજા સ્થાને આવ્યો હતો. જોકે, ઘણા ડ્રાઈવરો પર પેનલ્ટી અને તપાસ ચાલી રહી હોવાથી અંતિમ રેન્કિંગ અંગે હજુ મૂંઝવણ છે. એન્ટોનેલીના સાથી ખેલાડી જ્યોર્જ રસેલ પેનલ્ટીના કારણે ટોપ 10 માંથી બહાર થઈ ગયો હતો. બીજી તરફ, રેડ બુલના મેક્સ વર્સ્ટાપેનની કારમાં શરૂઆતમાં જ ખામી સર્જાતા તેણે પ્રથમ લેપ બાદ જ રેસમાંથી બહાર થવું પડ્યું હતું.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પિત્ત પ્રકોપ

પિત્ત જણીત તકલીફો રહેતી હોય તો ઉનાળો ખરાબ વિતે છે. ગળો વાટી કાઢેલો સ્વરસ 20 થી 30 મીલી, સાકર ભેળવી પીવાથી પિત્ત શમન થાય છે.

# હોન્ડુરાસ સામેની ફ્રેન્ડલી મેચમાં લિયોનલ મેસી રમવા ન ઉતર્યો

**વર્લ્ડકપ** નજીક છે ત્યારે મેસીને સ્નાયુઓના થાક અને ડાબા પગના હેમસ્ટ્રિંગમાં સામાન્ય ખેંચાણની ફરિયાદ થઈ

**આ** મેચમાં આર્જેન્ટિનાએ 2-0 થી જીત મેળવી



કોલેજ સ્ટેશન (ટેક્સાસ), તા. 7 (એપી): આગામી વર્લ્ડકપ પહેલા આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસી સ્નાયુઓના થાક અને ડાબા પગના હેમસ્ટ્રિંગમાં સામાન્ય ખેંચાણને કારણે શનિવારે રાત્રે હોન્ડુરાસ સામેની ફ્રેન્ડલી મેચમાં રમ્યો ન હતો. ત્રણ અઠવાડિયામાં 39 વર્ષના થવા જઈ રહેલા મેસીએ ટેક્સાસ એ એન્ડ એમ કેમ્પસના કાઈલ ફિલ્ડ પર મેચ પહેલા સાથી ખેલાડીઓ સાથે વોર્મ-અપ કર્યું હતું, પરંતુ તે મેચ દરમિયાન બેન્ચ પર જ બેસી રહ્યો હતો. આ મેચમાં આર્જેન્ટિનાએ 2-0 થી જીત મેળવી હતી. ટીમના જણાવ્યા મુજબ, મેસીની વાપસીનો સમય તેની રિકવરી પર નિર્ભર રહેશે. આર્જેન્ટિનાની ટીમ હવે મંગળવારે અલ્બામાના ઓબર્નમાં આઈસલેન્ડ સામે આગામી ફ્રેન્ડલી મેચ રમશે, જે વર્લ્ડકપ પહેલા તેમની છેલ્લી સત્તાવાર તૈયારી માટેની મેચ હશે. આર્જેન્ટિના 16 જૂને એરોહેડ સ્ટેડિયમ ખાતે અલ્જીરિયા સામે રમીને પોતાના વર્લ્ડકપ ટાઈટલ બચાવવાના અભિયાનની શરૂઆત કરશે.

## આજનું પંચાંગ

**તા.08/06/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** વદ: આઠમ : 27:24, કાલાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 18
**યોગ :** વિષ્કુંભ **કરણ:** બાવલ
**નક્ષત્ર :** શતભિષા : 9:10 પૂ.ભા.
**રાશિ:** કુંભ(ગ.સ.શ.ષ.)27:37પછીમીન(દ.ચ.ઝ.થ.)
**દિવસ :** મિશ્ર, શુક્ર કર્કમાં : 17:44થી
**સુરતમાં સૂર્યોદય :** 05:57 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:17
**નવકારસી :** 06:45
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 21 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સાંજે: 07:30 થી 19:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મિત્રો, પરિવાર સાથે મનોરંજન, ધાર્મિક યાત્રા થાય. નવા આર્થિક રોકાણમાં સાવધાની રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રવાસમાં છેતરાઇ જવાનું બને. હિત શત્રુઓથી સાવધાન રહેવું. સંતાનોના કામમાં મદદ મળશે.

**મિથુન (ક,છ,ઘ,):** ધાર્મિક સ્થળની યાત્રા થાય. આવકના સાધનો વધે. ઉચ્ચ કક્ષાના લોકોની મદદ મળે. વિદેશનાં કામ થાય.

**કર્ક (ડ,હ,):** પડવા-વાગવાથી સાવધાન. વિશ્વાસઘાતથી બચવું. અચાનક ઉઘરાણી આવી શકે.

**સિંહ (મ,ટ,):** આવક વધારવાની તક મળે. દાંપત્યજીવનમાં અશાંતિ વધે. કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં મદદ મળે. સરકારી કામ પાર પડે. હરીફોથી સાવધાન. આરોગ્ય સુધરશે. ખર્ચા વધે.

**તુલા (ર,ત,):** પ્રેમમાં સાવધાન રહેવું. ખાસ ઇર્ષાળુ મિત્રોથી બચવુ. શેર બજારમાં માર્ગદર્શન મળે. સંતાન ચિંતા રહે.

**વૃશ્ચિક (ન,ય,):** પાર્ટી પીકનીક થાય ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. જમીન-મકાન બાબતે પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** બીજા પર આધાર રાખવો નહી. કોઇ કામમાં ઉતાવળ કરવી નહી. દોડધામ રહે. મન પર ભાર.

**મકર (ખ,જ,):** ઘરમાં મહેમાનોની અવર-જવર વધશે. આવક કરતા ખર્ચા વધશે. વાણી પર કાબૂ રાખવો.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મન પર ભાર રહે. સમાજમાં ધીરજ રાખવી. પરિવારની અપેક્ષા વધે. પ્રવાસ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** કોર્ટ, કચેરી પોલીસ અને સરકારી કામમાં સાવધાન રહેવું. ગુપ્ત ભય સતાવે.

### કોઈ પણ સાલમાં 08 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર થાયે ધંધા-વેપાર, સમાજ વગેરેમાં હરીફો વધે. ઉંમર લાયકને યોગ્ય પાત્રા મળે. નોકરી-ધંધા-વ્યવસાયમા ટેકનોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. પણ ધીરજ અને સાવધાન રહેવું. સમાજમાં મનની સાથે જવાબદારી મળે. આર્થિક બાબતે ચડતી પડતી છતાં ઉઘરાણી આવવાથી રાહત રહે. મિત્રો વડીલોની મદદ સંતાનોના કામ, અભ્યાસ કેરીયર વિવાહ વગેરેમાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશમાં અભ્યાસ માટે અનુકૂળતા થાય. વિદ્યાભ્યાસમાં ટેકોનોલોજીની મદદ ઉપયોગી રહે. આયાત-નિકાસના કામમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત વગેરે કામમાં મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ, કર્મ થાય. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર, શનિવાર, 8, 17, 26 તારીખે નવા કામ કરવા. કાળો, નીલો રંગ વાપરતા રહેવું માર્ચ-એપ્રિલ, 7,16,25 તથા બુધવારે નવા કામ ટાળવો. સોનેરી, સામાન્ય લીલા રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાયો કરતા રહેવું.


RAJHANS®

ગોપીતળાવ નવસારી બજાર, સુરત



હે જવાની તો ઈશ્ક હોના હૈ
૧૧.૦૦, ૧૨.૩૦, ૨.૦૦, ૪.૪૦, ૬.૦૦, ૭.૨૦, રાત્રે: ૧૦.૦૦

પેદ્દી
૧૧.૧૫, ૨.૪૫, ૬.૧૫, રાત્રે: ૯.૪૫

બંદર
૩.૦૦ રાત્રે: ૧૦.૧૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ

ડેવિડ ધવનનું કોમેડી ફેમિલી ફિલ્મ



હે જવાની તો ઈશ્ક હોના હૈ

વરૂણ ધવન, મૃણાલ ઠાકુર, પૂજા હેગડે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત એક્શન થ્રીલર



પેદ્દી

રામચરણ જાન્હવી કપુર કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફ્ડી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

ડેવીડ ધવનનું ફુલ કોમેડી ચિત્ર
હે જવાની તો ઈશ્ક હોના હૈ

એક્શન થ્રીલર
પેદ્દી

ચાંદ મેરા દિલ

ગુજરાતી, સસ્પેન્સ
ધરપકડ

ધ ગ્રેટ ગ્રાન્ટ સુપર હીરો

એક્શન સંવાદોથી ભરપૂર
બંદર

બોબી દેઓલનો જોરદાર અભિનય
હી-મેન
(હિન્દી)

કૃષ્ણાવતારમ-1

શુભ મંગલ ધમાલ
(ગુજરાતી)